


# તળાવ સંસ્કૃતિને જાગ્રત કરવા દાતાઓ આગળ આવે



લોકસભાની ચૂંટણી પછી ભારત સરકારે પોતાની રાષ્ટ્રીય એજન્ડામાં પર્યાવરણને ઉચ્ચત્તમ સ્થાન આપવું જોઈએ. ઓગસ્ટ-૨૦૨૨નો મહિનો ૧૯૦૧ પછી અત્યાર સુધીનો સૌથી ગરમ હતો. ઉત્તર-પશ્ચિમ ભારતે તીવ્ર વિક્રમ તોડતી ગરમીનો સામનો કર્યો હતો. તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર થઈ ગયું હતું અને કેટલાંક ક્ષેત્રોમાં તો જમીનની સપાટીનું તાપમાન ૪૫-૫૫ ડીગ્રી સુધી થઈ ગયું હતું. જળવાયુ પરિવર્તનના કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે. ભારતના ૬૦ ટકાથી વધુ રોજગાર આપતું કૃષિ ક્ષેત્ર અકલ્પનીય રીતે અનેક ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. દેશમાં જળસંકટ તો પહેલાંથી જ મોઢું ફાડી રહ્યું છે.

દેશમાં ભૂગર્ભજળ જોખમી સ્તરને પાર કરીને ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. સંયુક્ત રાષ્ટ્ર (યુનો)ના એક નવા રિપોર્ટ અનુસાર ભારતમાં સિંધુ-ગંગાના મેદાનમાં પહેલાથી જ ભૂજળની કમી ખતરનાક સ્તરને પાર કરી ચૂકી છે. બીજી તરફ ઉત્તર-પશ્ચિમી ક્ષેત્રમાં ૨૦૨૫ સુધી ઓછા ભૂજળની ઉપલબ્ધતાનું ગંભીર સંકટ ઉભું થવાનું જોખમ છે. છેલ્લા બે દાયકામાં કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ ઘણું વધ્યું છે. ભૂકંપ પહેલાના બે દાયકામાં ૮ વર્ષો દુકાળનાં હતા, જ્યારે ભૂકંપના પછીના બે દાયકામાં માત્ર બે જ દુકાળો આવ્યા હતા. હમણા કચ્છ જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધ્યું છે, ભલે જિલ્લામાં વરસાદનું પ્રમાણ ૫ ઈંચ જેટલું વધ્યું છે, પણ વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થાના અભાવે ભૂગર્ભમાં ઉતરવાના બદલે પાણી દરિયામાં વહી જાય છે.

કચ્છની ભૂસ્તરીય રચના ખૂબ જ વિવિધતાવાળી છે. જેના કારણે પાણી ભૂગર્ભમાં પૂરતું ઉતરતું નથી અને જેટલા પ્રમાણમાં પાણી ઉતરે છે, તેનાથી વધુ પ્રમાણમાં તે ખેંચાય છે. ભૂકંપ પછી ઔદ્યોગિક વ્યાપ ઘણો વધ્યો છે તેમ જ ખેતીનું પ્રમાણ પણ વધ્યું છે, જેના કારણે ભૂગર્ભજળ ઉલેચવાની પ્રક્રિયા વધુ વેગથી ચાલી રહી છે. પરિણામે છેલ્લાં કેટલા વર્ષોમાં જ ભૂગર્ભજળની સપાટી અનેક મીટર નીચે ઉતરી ગઈ છે, એટલું જ નહીં, પાણીની ગુણવત્તા પણ ખૂબ જ બગડી ગઈ છે અને પાણી પીવાલાયક તો રહ્યું નથી. વળી ખેતી માટે પણ તે ખૂબ ખરાબ છે. પાણી જમીનમાં પુરતા પ્રમાણમાં ઉતરતા નથી, તેના કારણે આજથી ૧૫ વર્ષ પહેલાં અંદાજે જે ૬૦ થી ૯૦ મીટરની ઊંડાઈના બોર બનાવવા પડતા હતા. ત્યાર પછી ભૂગર્ભ જળની સપાટી નીચે ઉતરતી ગઈ, જેના પરિણામે ૧૦ વર્ષ પહેલાં ૯૦ થી ૧૨૦ મીટર એટલે કે ૪૦૦ ફુટની ઊંડાઈના બોર બનાવવાનું શરૂ થયું. અત્યારે બોર ૧૨૦ મીટરથી ૧૫૦ મીટર સુધી બનાવવા પડે છે. જો કે અમુક જગ્યાએ (અપવાદરૂપે) ૨૧૦ મીટર એટલે ૭૦૦ ફુટ ઊંડાઈના બોર બનાવવા પડ્યાં.

આ પરિસ્થિતિમાં જમીનમાં વરસાદી પાણી ઉતરે અને જળસપાટી ઊંચી આવે, એ માટે પ્રયત્નો કરવા જોઈએ. જો કે સારા વરસાદના કારણે અગાઉ દર વર્ષે દોઢ ફુટ પાણી નીચે ઊંડે ઉતરતું હતું, જે આજે પ્રમાણમાં થોડો ઘટાડો થયો છે. આજે દર વર્ષે અંદાજે પોણો ફુટ પાણી ઊંડે ઉતરે છે. બીજી બાજુ પાણી ઉલેચવાનું પ્રમાણ વધ્યું છે. ખેતીનો વ્યાપ વધ્યો છે અને ઉદ્યોગો વધ્યાં છે. વસ્તી વધારાની સાથે પાણીનો વપરાશ પણ વધ્યો છે. કચ્છના પેટાળમાં અત્યારે પાણી છે, તે સાચવવાની અને જળસપાટી ઊંચે આવે, એ માટે પ્રયત્નો



છે. આમે આપણે બધી જ બાબતોમાં સરકાર પર અવલંબિત રહેવાની જરૂરત નથી. પ્રજાકીય સ્તરે નાની નાની સમસ્યાઓ હલ કરવા જાહેર ટ્રસ્ટો દ્વારા કાર્યરત રહેવું જોઈએ. કચ્છ રચના ટ્રસ્ટ આ દિશામાં કચ્છ જિલ્લામાં કામ કરવા માંગે છે. ફરાદી ગામના પાદરે આવેલ ૨૨ એકર તળાવને ચારે બાજુ વાડ બનાવીને પાળ પર ગાર્ડન ઉભું કરીને બહાર પાઈપ દ્વારા હવાડા ભરાય એવી વ્યવસ્થા ઉભી કરાય, એ જરૂરી છે.

અત્યારે છેલ્લાં ચાર-પાંચ વર્ષથી ભારે વરસાદના કારણે દર વર્ષે તળાવ ભરાઈ જાય છે અને છલકાઈ જાય છે. ચોમાસુ શરૂ થાય છે, ત્યારે પણ તળાવ અડધું ભરાયેલું રહે છે. ઢોરો તળાવમાં જઈને પાણી પીવે છે

કરવાની જરૂર છે. આ માટે વધુ ચેકડેમો બનાવવા પડશે. પાણીનું રિચાર્જિંગ વધારવું પડશે. કૂવા, તળાવો અને હયાત ડેમોને ઊંડા ઉતારવા પડશે. (અલબત્ત ગુજરાત સરકાર આ દિશામાં કાર્યરત છે, જેની નોંધ લેવી જોઈએ.)

**'કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ'** આ દિશામાં કાર્યરત છે. આ કામગીરી માટે તેમજ તાંત્રિક માર્ગદર્શન માટે આ ટ્રસ્ટે ભુજ સ્થિત એરીડ કોમ્યુનીટી એન્ડ ટેકનોલોજી સંસ્થા કે જેમણે માંડવી તાલુકાના ફરાદી ગામનો ભુસ્તરની રીતે સમગ્ર અભ્યાસ કરી, ફરાદી ગામમાં આવેલ સમગ્ર વિસ્તારનું જળસંગ્રહનું માઈકો પ્લાનીંગ પ્રમાણે ફરાદી ગામની પાદરે આવેલ ૨૨ એકર વ્યાપ ધરાવતું તળાવ સુશોભિત બનાવવા તેના પ્લાન એસ્ટીમેન્ટ તથા ડીઝાઈન બનાવીને ગુજરાત સરકારના સિંચાઈ વર્તુળ વિભાગમાં રજુ કરેલ.

'કચ્છ રચના' સરકારની વિકાસલક્ષી નીતિમાં સૂરમાં સૂર પુરાવીને તેના સાર્વજનિક રજી.ટ્રસ્ટ દ્વારા કામ કરવામાં માને

અને ભેંસો ઉનાળામાં તળાવની અંદર પડી રહે છે અને પાણી દુષીત કરે છે. આવી પરિસ્થિતિમાં કચ્છ રચના ટ્રસ્ટ (રજી. નં.E/22272-અમદાવાદ) ફરાદી ગામના તળાવને સુશોભિત બનાવીને વરસાદી પાણીનો સદુપયોગ કરવા સંકલ્પ કર્યો છે. શ્રી ફરાદી ગ્રામ પંચાયત ઉષ્માભર્યો સહકાર આપવા આતુર છે.

આ તળાવને સુશોભિત કરવાનો ખર્ચ ૧૫ થી ૧૭ લાખ થવાનો અંદાજ છે. જો કોઈ દાતા નામ આપવાની શરતે આ ખર્ચ આપવા તૈયાર થાય, તો આ ટ્રસ્ટ વિવેકાનંદ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા પ્લાન એસ્ટીમેન્ટ અને ડીઝાઈન બનાવી કાર્યવાહી શરૂ કરી દેશે. યાદ રાખો, ટ્રસ્ટને અપાતું દાન કલમ ૮૦-જી મુજબ કરમુક્તિને પાત્ર છે અને CSRનું પ્રમાણપત્ર પણ ટ્રસ્ટ પાસે છે.

દાતા પાસેથી સકારાત્મક અપેક્ષા સાથે...

**ભવાનજી ગાલા**
**તંત્રી : 'કચ્છ રચના'**
**(મોબાઈલ-૯૮૧૯૨૩૮૪૨૨)**


J.P. Sangoi,
Manish J. Sangoi
Jayesh J. Sangoi
(Kapayawala)

**PARAS**
**REXINE HOUSE**

Phone : 24307609
M. : 9820156242
M. : 9820786889

A.C. Show Room

Mattress - Pillows - Cushion
P.V.C. Floor Carpet, P.V.C. Tiles - Wooden Flooring - Wall Paper - Wall Poster - Vertical Blind - Vanishing Blind - Speaker Box Carpet - Roller Blinds - Roman blinds - Suncontrol Films
**Plastic Mat - Grass Mat - Bath Mat - Flaxy Mat - Coir Mat - Rubber Mat**
Dealers in : ❉ All Kinds of Art Leather Cloth, Rexine, P.U. Foam, Rubber Foam, Rubberised Coir, Upholstry Materials & ETC. Memory Foam Mattress & Products ❉ Sleepwell ❉ Springwel ❉ MM Foam ❉ Kurlon ❉ Centuary ❉ Libra Mattres ❉ Mattress, Pillows, Cushion ❉ Sofa Cover

Tirthankar, Shop No. 5, S.K. Bole Road, Dadar (W), Mumbai-400 028.
Email : parasrexinehouse@gmail.com - Fecabook : parasrexinehouse
Intagama : parasrexinehouse